GJJN110006102023

------------------------------------------

**ભેસાણના મહેરબાન મુખ્ય સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુ.ભેસાણ.**

------------------------------------------

**રેગ્યુલર દિવાની મુકદ્દમા નં.૩૪/૨૦૨૩ ના કામે**
**આંક-૧ લગત હુકમ..**

------------------------------------------

**(૧).** આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, હાલના દાવામાં તા.૧૪/૦૨/૨૦૨૫ ના રોજ આંક-૩૮ થી મુદ્દા ઘડવામાં આવેલ છે. ત્યારથી સદર કામ વાદીના પુરાવા ઉપર છે અને આ હકીકતથી વાદી સારી રીતે માહીતગાર છે. આ કામે રેકર્ડ જોતા વાદીએ પુરાવો રજુ કરવા માટે આંક-૩૯ થી આંક-૪૬ સુધી મુદત રીપોર્ટ રજુ કરેલ છે જે આ અદાલત દવારા મંજુર કરવામાં આવેલા. ત્યારબાદ, આ કામે વાદીના વિ.વકીલ શ્રી ડી.કે.શેઠ દવારા આંક-૪૭ થી પુરસીસ રજુ કરી, તેઓ વાદીના વકીલ તરીકે છુટા થયેલ છે તેવુ જાહેર કરેલ છે. જેથી, આ અદાલત દવારા વાદીને નોટીસ કરવામાં આવેલી જે નોટીસ વાદીને બેલીફ રીપોર્ટથી બજી જતા વાદી તેમના વિ.વકીલ શ્રી સાથે હાજર રહેલા અને આંક-૪૯ થી વાદી તરફે વિ.વકીલ શ્રી વી.વી.રાણવાએ વકીલપત્ર રજુ કરેલુ. ત્યારબાદ, વાદી તરફથી પુરાવો રજુ કરવા માટે આંક-૫૦ થી આંક-૫૮ સુધી મુદત રીપોર્ટ રજુ કરેલ છે. જે મુદત રીપોર્ટ નીચે વિગતવાર હુકમ કરી, મંજુર કરવામાં આવેલા. તેમ છતાં વાદી તરફથી હાલના દાવાના કામે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**(૨).** આ કામે વાદી તરફથી રજુ થયેલ આંક-૫૧ થી આંક-૫૮ સુધી ના મુદત રીપોર્ટ વંચાણે લેતા વાદીએ પ્રોસ્ટેટનુ ઓપરેશન કરાવેલ હોય, તેવા

કારણથી મુદત રીપોર્ટ રજુ કરેલ છે, પરંતુ વાદી તરફથી રજુ થયેલ મુદત રીપોર્ટ (૧). આંક-૫૧, તા.૦૪/૧૨/૨૦૨૫, (૨). આંક-૫૨, તા.૮/૧૨/૨૦૨૫, (૩). આંક-૫૩, તા.૧૫/૧૨/૨૦૨૫, (૪). આંક-૫૪, તા.૨૩/૧૨/૨૦૨૫, (૫).આંક-૫૫, તા.૦૧/૦૧/૨૦૨૬, (૬).આંક-૫૬, તા.૦૮/૦૧/૨૦૨૬, (૭). આંક-૫૭, તા.૨૯/૦૧/૨૦૨૬, (૮). આંક-૫૮, તા.૧૬/૦૨/૨૦૨૬ ના રોજ રજુ થયેલ છે. વધુમાં, રેકર્ડ ઘ્યાને લેતાં વાદી તરફ થી રજુ થયેલ આંક-૫૫ થી આંક-૫૮ ના રીપોર્ટ નીચે વિગતવાર હુકમ કરી, તે રીપોર્ટ મંજુર કરવામાં આવેલ છે અને તે દરેક હુકમ નીચે હુકમની જાણ થયા અંગેની વાદીના વિ.વકીલ શ્રીએ શેરો કરેલ છે, તેમજ આંક-૫૭ અને આંક-૫૮ વાળા રીપોર્ટ અંતિમ મુદત તરીકે મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તરફથી કોઈ મુદત રીપોર્ટ રજુ થયેલ નથી, પરંતુ તેમ છતાં આ અદાલત તરફથી હાલના દાવાના કામે ન્યાયના હિતમાં મુદતો આપવામાં આવેલ. આમ, રેકર્ડ જોતાં વાદી કે તેમના વિ.વકીલશ્રી હાલના દાવાના કામે તા.૧૬/૦૨/૨૦૨૬ થી હાજર રહેલ નથી અને હાલના દાવાના કામે કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૩). વધુમાં, આ કામે વાદીએ આંક-૫૧ થી આંક-૫૮ સુધી મુદત રીપોર્ટમાં બિમારીનુ જે કારણ જણાવેલ છે તે ઘ્યાને લેતાં, આંક-૫૧ નો મુદત રીપોર્ટ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ છે અને આજરોજ તા.૩૦/૦૪/૨૦૨૬ યાને આ પાંચ માસના સમયગાળા દરમ્યાન વાદી તેમની મુદત અરજીમાં જણાવેલ પ્રોસ્ટેટના ઓપરેશનમાંથી સાજા થઈ આરામ લઈ હાલના દાવાના કામે હાજર રહી પોતાનો પુરાવો રજુ કરી, દાવાની કાર્યવાહી આગળ વધારી શકયા હોત, પરંતુ વાદીને વ્યાજબી અને પુરતી તકો આપવા છતાં વાદી હાજર રહી કોઈ પુરાવો આપેલ નથી. આ કામે રેકર્ડ જોતા વાદી તા.૧૮/૧૧/૨૦૨૫ પછી તેમજ તેમના વિધવાન વકીલ શ્રી તા.૧૬/૦૨/૨૦૨૬ પછી હાલના

દાવાના કામે હાજર રહેલ નથી અને પોતાની ગેરહાજરી બાબત કોઈ રીપોર્ટ રજુ કરેલ નથી.

(૪). વધુમાં, આ કામે રેકર્ડ જોતા હાલનો દાવો નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર ટાર્ગેટેડ કેસોની કેટેગરીમાં આવતો હોય, અને તે કારણથી આ પ્રકારના ટાર્ગેટેડ કેસોમાં, કેસોની કાર્યવાહી ઓછામાં ઓછી મુદતો આપી, અને આવા કેસોને પ્રાથમિકતા આપી, તથા એસ્પીડાઈટ કરી, કેસોની ઈન્સાફી કાર્યવાહી ચલાવી, કેસોનો નિકાલ કરવા માટે આદેશ હોઈ અને આ કામે રેકર્ડ જોતા સદર કામ તા.૧૪/૦૨/૨૦૨૫ થી વાદીના પુરાવા ઉપર છે. ત્યારથી આજદીન સુધી વાદી તરફથી કોઈ પુરાવો રજુ થયેલ નથી. વાદી આ કામે હાજર રહેતા નથી. તેમના વકીલશ્રી પણ હાજર રહેતા નથી અને હાલના દાવાના કામે કોઈ કાર્યવાહી કરતા નથી અને હાલનો દાવો છેલ્લા ૧૪ માસથી વાદીની સતત લાંબા સમયની ગેરહાજરી અને બેદરકારીના કારણે વિના કોઈ પ્રગતિએ આ અદાલતમાં પેન્ડીંગ છે. વાદીના વિ.વકીલ શ્રી આંક-૨૭ ના પુરસીસથી છુટા થયેલ હોઈ અને વાદી હાજર રહેતા ન હોઈ તેઓને નોટીસ કાઢતા તેઓ હાજર થયાને આશરે પાંચ માસ જેટલો સમય વિતી ગયેલ હોવા છતાં અને વાદીને વ્યાજબી અને પુરતી તકો આપવા છતાં, વાદી હાજર રહી કોઈ પુરાવો આપેલ નથી કે દાવાની કાર્યવાહી આગળ વધારેલ નથી. આજરોજ પણ વાદી તથા તેમના વિધવાન વકીલશ્રી ની ૧૭:૧૫ કલાક સુધી રાહ જોવામાં આવેલ છે તેમ છતાં તેઓ અત્રે અદાલત સમક્ષ હાજર નથી, તેમના તરફથી કોઈ રજુઆત નથી કે કોઈ મુદત રીપોર્ટ રજુ નથી.

(૫). આમ, હકીકતો ધ્યાને લેતાં વાદીને પોતાનો દાવો ચલાવવામાં કોઈ જ રસ નથી તેવુ જણાઈ આવે છે. જે સમગ્ર હકીકતો ધ્યાને લેતાં, સદર દાવાની કાર્યવાહી વધુ સમય માટે મુલતવી રાખવી વાજબી અને ન્યાયી જણાતું

ન હોય જેથી સદર દાવાના કામે,વાદી સતત લાંબા સમયથી ગેરહાજર રહેતા હોય તેમજ તેમના તરફથી આગળ કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોઈ, જેથી દિવાની કાર્યરીતી સંહિતાના હુકમ–૯,નિયમ–૩ મુજબ કાઢી નાંખવી વાજબી અને ન્યાયોચિત જણાતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

હાલનો દાવો વાદીની સતત લાંબા સમયની ગેરહાજરી તથા વાદી તરફથી સદર દાવાના કામે આગળ કોઈ કાર્યવાહી ન કરવાના કારણસર દિવાની કાર્યરીતી સંહિતાના હુકમ–૯, નિયમ–૩ મુજબ કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૪/૨૦૨૬.
ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
મુખ્ય સીવીલ જજ,
ભેસાણ.
(જજ કોડ જી.જે.૦૧૩૯૧)